## ધીર-ગંભીર અને મેધાવી ચિંતક તથા પ્રભાવી પ્રવચનકાર

# પૂ. પંન્યાસશ્રી પ્રદ્યુમ્નવિજયજી મહારાજ

પૂજ્ય પંન્યાસશ્રી પ્રદ્યુમ્નવિજયજી મહારાજ પોતાના વડીલ બંધુ વ્યાકરણાચાર્ય પૂ. આ. શ્રી હેમચન્દ્રસૂરીશ્વરજી મહારાજના શિષ્યરત્ન છે. તેઓશ્રીનું મૂળ વતન જંબૂસર પાસેનું અણખી ગામ. પિતાશ્રી હીરાલાલ દીપચંદ શાહ અને માતુશ્રી પ્રભાવતીબેન પાસેથી ધર્મસંસ્કારોનું સિંચન થયું. પૂર્વના પ્રબળ સંસ્કારે ચૌદ વર્ષની ઊછરતી વયે તીવ્ર વૈરાગ્યપૂર્વક સં. ૨૦૧૭માં સુરત શહેરમાં પૂ. શાસનપ્રભાવક આચાર્યશ્રી વિજયમેરુપ્રભસૂરિજી મહારાજના વરદ હસ્તે મહામહોત્સવપૂર્વક સંયમ ગ્રહણ કર્યું. તીવ્ર ક્ષયોપશમથી ન્યાય, વ્યાકરણ અને સાહિત્યનો મૌલિક અભ્યાસ કર્યો. આગમગ્રંથો તથા પૂજ્ય ઉપાધ્યાયજી મહારાજની કૃતિઓનું ઊંડું અધ્યયન કર્યું. પ્રભાવશાળી વક્તૃત્વ અને ચિંતનપૂર્ણ અસરકારક લેખનકળાથી શ્રોતાઓ અને વાચકોનાં હૃદયમાં સ્થાન મેળવી ચૂક્યા છે. પૂજ્યશ્રી સાહિત્યરસિક છે; સાહિત્યના પ્રાચીન-અર્વાચીન પ્રવાહોથી પરિચિત છે; સામયિકોમાં અભ્યાસલેખોના પ્રકાશન દ્વારા સાહિત્યજગતમાં સુપ્રસિદ્ધ છે. તેઓશ્રી કાવ્યરચનાઓ પણ કરે છે અને મૌલિક, રસાળ શૈલીમાં, લોકભોગ્ય અભિવ્યક્તિ છટાથી ગ્રંથોમાં ચિંતન પણ પીરસે છે. પૂ. વ્યાકરણાચાર્યશ્રીના શિષ્ય હોવાને નાતે તેઓશ્રી વિવિધ ભાષાના મર્મજ્ઞ છે અને ગુજરાતી ભાષાના લેખન પર અદ્‌ભુત પ્રભુત્વ ધરાવે છે. પૂજ્યશ્રીના બાલશિષ્ય મુનિશ્રી રાજહંસવિજયજી મહારાજ પણ તેઓશ્રીની વત્સલ નિશ્રામાં સુંદર અભ્યાસ સાધી રહ્યા છે.

પૂજ્યશ્રીનાં માતા, પિતા, ભાઈ અને બહેન સંયમ સ્વીકારીને અનુક્રમે પૂ. મુનિશ્રી હીરવિજયજી મહારાજ, પૂ. સાધ્વીજી પદ્મલતાશ્રીજી મહારાજ, પૂ. આ. શ્રી હેમચંદ્રસૂરીશ્વરજી મહારાજ અને પૂ. સાધ્વીજી શ્રી હેમલતાશ્રીજી મહારાજ નામે સ્વ-પર ઉપકાર સાધી રહ્યાં છે.

સાહિત્ય, પ્રાચીન ઇતિહાસ અને પટ્ટાવલી પૂજ્યશ્રીના રસના આગવા વિષયો છે. વિશાળ વાંચન-મનનને પરિણામે તેઓશ્રીનાં પ્રવચનોમાં અને વાતચીતમાં પણ ચિંતનના ચમકારા અનુભવવા મળે છે. તેથી પૂજ્યશ્રી વિદ્વદ્‌જગતમાં પણ એટલા જ પ્રિય છે અને સામાન્ય જનસમુદાયમાં પણ એટલા જ પ્રભાવક છે. પૂ. ઉપાધ્યાયજી મહારાજના સંસ્કૃત–ગુજરાતી ગ્રંથો તેઓશ્રીને અતીવ પ્રિય છે. એ સર્વનું ઊંડું અવગાહન કર્યું છે. પૂ. ઉપાધ્યાયજીના દ્વાત્રિંશત્ દ્વાત્રિંશિકા આદિ ગ્રંથો પર તથા તેમના જીવન-કવન પર તેઓશ્રીએ અનેક સંશોધનોના આધારે પૂ. ઉપાધ્યાયશ્રી યશોવિજયજી મહારાજની જન્મભૂમિ મહેસાણા પાસે કનોડા ગામ હોવાનું પ્રતિપાદિત કરી, એ સ્થાનને 'યશોભૂમિ'ના નામથી ગૌરવાન્વિત કર્યું છે. આ પ્રસંગનું આયોજન જૈન સમાજના અગ્રણીઓ, તે વિસ્તારના સમસ્ત ગામલોકો અને સેંકડો ભાવિકોની ઉપસ્થિતિમાં ભવ્ય રીતે થયું. પૂ. પંન્યાસશ્રી દ્વારા શાસનપ્રભાવનાનાં આવાં અનેક કાર્યો ચિરસ્થાયીરૂપે અવિસ્મરણીયપણે નિર્માણ થતાં રહ્યાં છે.



Jain Education International 2010_04 For Private & Personal Use Only www.jainelibrary.org

પૂજ્ય પંન્યાસજીમાં ગુણાનુરાગીતાનો વિશિષ્ટ ગુણ છે. સ્વ કે પર સમુદાયના નાનાથી લઈ ને મોટા સુધીના કોઈપણ સાધુમાં નાનામાં નાનો ગુણ જોઈ ને પ્રસન્ન થાય છે અને અન્યોને એ ગુણ જણાવી આનંદ પામે છે. ભર્તૃહરિએ કહ્યું છે તેમ परगुणकथनैः स्वान्गुणान् ख्यापयन्तः। એ પૂજ્યશ્રીના ચરિત્રને બરાબર લાગુ પડે છે. આ વિનય–વિવેકશીલ વ્યક્તિત્વને લીધે તેઓશ્રી હંમેશાં પ્રસન્નચિત્ત લાગે છે, મિલનસાર લાગે છે, આત્મીય લાગે છે. એવા વિરલ ગુણોથી વિભૂષિત પૂજ્યશ્રી સ્વ કે પર સમુદાયના સાધુ સાથે આત્મીયતાથી વર્તે છે. એ સહજ આત્મીયતા જોઈને કોઈને પણ એમ ન થાય કે તેઓશ્રી ભિન્ન સમુદાયના સાધુ સાથે વાત કરે છે! એવી જ સહજ આત્મીયતા, કહો કે, આત્મસમર્પણ જૈનશાસન પ્રત્યે ધરાવે છે. એ તો જ્યારે વ્યાખ્યાનના પ્રારંભે પૂજ્યશ્રી બોલે છે કે, 'આપણા અનંત ઉપકારી શ્રી અરિહંત પરમાત્મા અને તેઓએ સ્થાપેલું એકાંત હિતકર શ્રી જિનશાસન...' ત્યારે સાંભળનારને પ્રતીતિ થાય છે કે પૂજ્યશ્રીમાં શાસનનો કેવો અવિહડ રાગ છે. પૂજ્યશ્રી ધર્મમાર્ગપ્રેરક વ્યાખ્યાન શૈલીથી જબ્બર લોકચાહના મેળવી શકયા છે. તર્કબદ્ધ રીતે, ઉદાહરણો સહિત, સુયોગ્ય શબ્દ-પસંદગી સાથે વક્તવ્યને રજૂ કરવામાં પૂજ્યશ્રી પારંગત છે એમ સ્હેજે અતિશયોક્તિ વિના કહી શકાય.

છેલ્લાં વર્ષોમાં તેઓશ્રી પ્રાચીન હસ્તલિખિત પ્રતોને આધારે પ્રાચીન ગ્રંથોના સંશોધન-સંપાદનમાં ઊંડો રસ ધરાવે છે. પરિણામે ઘણા ગ્રંથો સંશોધિત કરી પ્રકાશિત કરાવ્યા છે. અન્યોને પણ આ માર્ગે પ્રેરણા આપી પ્રોત્સાહિત કરી રહ્યા છે. પૂજ્યશ્રીના વરદ હસ્તે આવાં અવિસ્મરણીય મહાન શાસન-પ્રભાવક કાર્યો થતાં રહે એ જ અભ્યર્થના સાથે, શાસનના આ તેજસ્વી રત્નને કોટિ કોટિ વંદના!

### સમર્થ વ્યાખ્યાનકાર અને શાસનપ્રભાવક

## પૂ. પંન્યાસશ્રી અશોકસાગરજી મહારાજ

પૂજ્યપાદ શ્રી સાગરાનંદસૂરિજી સમુદાયમાં મોખરાનું સ્થાન ધરાવતા સુવિહિત–શિરોમણિ, પરમ યોગી, આગમ વિશારદ પૂ. પંન્યાસપ્રવરશ્રી અભયસાગરજી મહારાજના વિનેય શિષ્ય પૂ. શ્રી અશોકસાગરજી મહારાજ છે; જેમના માર્ગદર્શન અને સીધી દેખરેખ નીચે હાલ જંબૂદ્વીપનું વિરાટ નિર્માણકાર્ય ચાલી રહ્યું છે. પૂજ્યશ્રીનું વતન ધર્મનગરી છાણી. પિતાનું નામ શાંતિલાલ છોટાલાલ અને માતાનું નામ મંગુબહેન. તેઓશ્રીનું સંસારી નામ અરુણભાઈ. માતાપિતા અને કુટુંબના ધાર્મિક સંસ્કારો વચ્ચે ઊછરેલા અરુણભાઈએ મહેસાણાની જૈન પાઠશાળામાં સારો એવો ધાર્મિક અભ્યાસ કર્યો. કુટુંબમાંથી પચાસેક વ્યક્તિઓએ દીક્ષા અંગીકાર કરેલી, તેમાં અરુણભાઈને પણ વૈરાગ્યનો રંગ લાગે એમાં શી નવાઈ! એમાં પૂ. ઉપાધ્યાયશ્રી ધર્મસાગરજી મહારાજનું અપાર વાત્સલ્ય ઉમેરાયું.

Jain Education International 2010_04 For Private & Personal Use Only www.jainelibrary.org